ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૧૨-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

દેર આયે, દુરુસ્ત આયે : અટલજી અને મદનમોહન માલવીયને 'ભારત રત્ન'નો નિર્ણય

ક્યારેક રાજકારણના રવાડે ચડી જઈ શાસક વર્ગ યોગ્ય પ્રતિભાઓને યોગ્ય સમયે સન્માનિત કરવામાં ચૂક કરે અને પાછળથી એ ભૂલ સુધારી લેવાનો પ્રયાસ થાય તો સ્વાભાવિક રીતે જ એનો સૌને આનંદ થવો જોઈએ. મોદી સરકારે અગાઉની તમામ સરકારોમાં પાપ ધોતા હોય એમ બનારસ હિંદુ યુનિવર્સિટીના સંસ્થાપક, તત્કાલીન કોંગ્રેસના સૌથી પ્રભાવશાળી નેતાઓ પૈકીના એક અને બીજા શબ્દોમાં કહીએ તો ગાંધીજી જેવા નેતાઓના 'ગોડ ફાધર' સ્વ. મદનમોહન માલવીયને 'ભારતીય રત્ન' એનાયત કરવાનો નિર્ણય લીધો છે. આ કામ ખુદ અટલ બિહારી વાજપેયી પણ નહોતા કરી શક્યા. મોદીએ વારાણસીમાંથી ઉમેદવારી પત્ર ભર્યું ત્યારે એમના નામની દરખાસ્ત કરનારાઓમાં પં. છન્નૂલાલજી જેવા શાસ્ત્રીય ગાયક ઉપરાંત આ મહાન સ્વાતંત્ર્ય સેનાનીના પૌત્રનો પણ સમાવેશ કરાયો હતો. હકીકતમાં પંડિત મદનમોહન માલવીય ભારતના નિર્ણાયક સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રદૂત હતા. ગાંધીજી દક્ષિણ આફ્રિકાના સફળ સત્યાગ્રહ પછી દેશમાં પાછા ફર્યા ત્યારે કાશીમાં માલવીયજીના સાંનિધ્યમાં એમનું સન્માન અને વ્યાખ્યાન યોજાયું હતું જેમાં એમણે ઉપસ્થિત રહેલ રાજા-મહારાજાઓના વૈભવ વિલાસની કડક શબ્દોમાં ટીકા કરી હતી. મદનમોહન માલવીય કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા હોવા ઉપરાંત હિંદુ પ્રજાનો બુલંદ અવાજ બનીને રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયા હતા. આજે પણ દેશની ઉત્તમ યુનિવર્સિટીઓમાં બનારસ હિંદુ યુનિવર્સિટીની ગણતરી થાય છે. આવા મહન લોકસેવક અને સંસ્કૃતિ પુરુષનું ઉચિત સન્માન તો પંડિત નહેરુના વડાપ્રધાનપદના પ્રારંભિક તબક્કામાં જ થવું જોઈતું હતું પરંતુ એમનો કહેવાતો 'સાંપ્રદાયિક' ચહેરો એમના સન્માનમાં આડો આવ્યો હશે. કોંગ્રેસની એ ભૂલ વાજપેયી સરકાર પણ નહોતી સુધારી શકી તે સૂચક છે. નરેન્દ્ર મોદીએ વારાણસીના સાંસદ થઈને વારાણસીની વિભૂતિનું ઉચિત સમ્માન કરીને વારાણસીના સાંસદ થઈને વારાણસીની વિભૂતિનું ઉચિત સન્માન કરીને વિશ્વનાથ બાબાની નગરીનું ઋણ જ ચૂકવ્યું છે, એમાં ભલે રાજકીય ગણતરી હશે છતાં એ યોગ્ય નિર્ણય હોઈ મોદી અભિનંદનના અધિકારી છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને સમયસર 'ભારતરત્ન'થી નવાજવાની સોનેરી તક ગુમાવીને પણ યુપીએ સરકાર લોકનજરમાં વામણી ઠરી છે. વાજપેયી જેવો ઉદારવાદી વડાપ્રધાન જ્યારે દેશને અણુશક્તિ ધરાવતાં રાષ્ટ્રોની પંગતમાં મૂકી શકતો હોય અને યુનોમાં જઈ હિંદીમાં ભાષણ આપવાનું અપ્રતિમ સાહસ દાખવી શકતો હોય ત્યારે કોંગ્રેસે સંકુચિત જૂથ કે પક્ષનાં કૂંડાળામાંથી બહાર નીકળી એમનું વેળાસર સમ્માન કરવાની તક ઝડપી લીધી હોત તો એથી કોંગ્રેસ પ્રત્યે જનતામાં વિશેષ સમ્માનની ભાવના જાગી હોત. કમનસીબે એવું ઔદાર્ય મનમોહનસિંહની રિમોટ કંટ્રોલથી ચાલતી સરકાર દાખવી નહોતી શકી, એ ભૂલ પણ મોદીએ સુધારી લીધી છે. મોદીને અનુગોધરા નરસંહાર ટાણે 'રાજધર્મ' ની કડવી શિખામણ આપનાર ભાજપના આ ભીષ્મ પિતામહ આજે આજાર સ્થિતિમાં એમનો એકાણુમો જન્મદિવસ ઊજવતા હશે ત્યારે 'ભારત રત્ન' ની મહામૂલી સોગાદ જરૂર એમની જિજીવિષામાં ઉમેરો કરશે. સરદાર પટેલ અને સુભાષચંદ્ર બોઝ જેવા ઉપેક્ષિત રાષ્ટ્રીય નેતાઓની હરોળમાં હવે મદનમોહન માલવીય અને અટલ બિહારી વાજપેયીને પણ મોડે મોડે સન્માનિત કરીને કૃતજ્ઞ રાષ્ટ્રે એની ભૂલ સુધારી છે ત્યારે પેલી ઉર્દૂ કહેવત યાદ આવે જ : 'દેર આયે, દુરુસ્ત આયે!' સચીન તેંડુલકરે જેવા ખેલાડી કરતાંયે મોડી સન્માનિત થયેલી આ બેઉ વિભૂતિઓનાં સ્મરણમાં અને ચરણમાં બેઉનાં પાવન જન્મદિવસે વંદે માતરમ્!

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયાની સ્મૃતિ વિકાસ શાળામાં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ઉપમાં સ્થાપના દિને યોજાયેલા આ વાર્ષિકોત્સવમાં શાળાના મંદબુધ્ધિ બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા જે નિહાળી આમંત્રિતો ભાવવિભોર બની ગયા હતા. આ વાર્ષિકોત્સવમાં બાળકોના વાલીઓ સહિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, બાળ સુરક્ષા અધિકારી, ગામના અગ્રણીઓ તેમજ સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

કથાકાર કનૈયાલાલજી મહારાજ વંચિતો-પિડીતો માટે નવો રાહ ચીંધે છે

ગુજરાતના ખ્યાતનામ લોકકથાકાર શ્રી કન્હૈયાલાલજી મહારાજ ગુજરાતમાં વિવિધ સ્થળોએ સપ્તાહો કરીને તથા શિવતાંડવથી ખુબ નામના મેળવેલ છે. જેના સન્માન રૂપે શાલો મળેલ છે. આ શાલો અંદાજે ૨૫૦ જેટલી હતી. તે તમામ શાલો રાત્રિના ૯:૩૦ થી ૧૦ ના ગાળામાં ફુટપાથ, ઝુંપડામાં રહેતા ગરીબોને પોતે જ શાલ ઓઢાડી સાંત્વન પાઠવેલ હતું. ઠંડીથી કણસતા લોકો શાલ ઓઢી હાશકારો અનુભવ્યો હતો. આમ શિયાળામાં ગરીબોને મુકસેવા કરેલ છે. જો કોઈને પોતાના વસ્ત્રો, શાલ કે ગોદડીઓ વિતરણ કરવાની ઇચ્છા ધરાવતા હોય તો લોકકથાકાર શ્રી કન્હૈયાલાલજી પંડયા પ્લોટ નં.૧૦૧૨/૧ સેકટર-૪ એ. મો. ૯૪૨૮૨૧૭૫૫૭ સંપર્ક સાધવો.

સે-૨ ખાતે ૪થી જાન્યુ.થી વિના મૂલ્યે યોગ શિબિર

ગાંધીનગરમાં આગામી તા. ૪થી જાન્યુઆરીથી ૯મી જાન્યુઆરી દરમિયાન દિલ્હીની ભારતીય યોગ સંસ્થાન દ્વારા 'વિના મૂલ્યે યોગ શિબિર'નુંઆયોજન કરવામાં આવ્યુંછે. આ શિબિર સે-૨ના બગીચામાં સવારે ૬ થી ૭ વાગ્યા દરમિયાન યોજાશે. આ યોગ શિબિરમાં ભાગ લેવા નગરજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુંછે.

સિધ્ધાર્થ લૉ કોલેજના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગરની સિધ્ધાર્થ લૉ કોલેજના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણીય મહત્વ ધરાવતા સાબરકાંઠા જિલ્લાના પોળોના જંગલમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ હિંમતનગર લૉ કોલેજની મુલાકાત લીધી હતી. સિધ્ધાર્થ લૉ કોલેજના આચાર્યા ડૉ. દિલીપ મેવાડાએ લૉના અભ્યાસ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી.

હરિની દૃષ્ટિ...

બહેન, આ ફોરેનર જેવો માણસ રમકડા લઇ રાત્રે ફરતો હતો... પકડી લાવ્યો છું... આની પાસે રમકડાની ફેક્ટરીના એમઓયુ ન કરાવી લેવાય.. !?!

સીએમ હાઈસ્કુલના બાળકોએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી

જીવવિજ્ઞાનના વિદ્યાર્થીઓએ બોટનીકલ ગાર્ડનમાં ૪૦ જેટલી વન ઔષધિઓની સમજ મેળવી : વિવિધ જૈવિક નમૂનાઓનું નિદર્શન પણ મેળવ્યું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સે-૨ ઉમાં કડી કેમ્પસમાં આવેલ સી.એમ. હાઈસ્કૂલના ધો-૧૧માં જીવવિજ્ઞાન વિષયનો અભ્યાસ કરતા ૧૪૨ વિદ્યાર્થીઓએ તાજેતરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે આવેલ ગુજરાત ઈલોકોજીલ એન્ડ એન્વાર્યમેન્ટ રીસર્ચ પાર્કની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રકૃતિના વિવિધ જૈવિક નમૂનાઓનું નિદર્શન અને પરિચય મેળવ્યો હતો.

આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓએ પ્રકૃતિ ઉદ્યાનમાં આવેલ બોટનિકલ ગાર્ડનની મુલાકાત લીધી હતી અને ત્યાં ઉછેરવામાં આવેલી ૪૦ જેટલી વન ઔષધિઓનો અભ્યાસ કર્યો હતો. અહીં તેમણે કેકટસ હાઉસ, ગ્રીન હાઉસ, ફર્નરી, કૃત્રિમ જળાશય વગેરે અંગે પણ સમજ મેળવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ સર્પગૃહ, પક્ષીઘર, સસ્તન પ્રાણીઓની લાક્ષિકતાઓ અને તેની વ્યવસ્થાઓ, બ્લ્યુ વ્હેલનું હાડપિંજર ઉદવિકાસના વિવિધ તબક્કાઓ અને તેમાં આવેલા ફેરફારો વગેરે અંગે ઝીણવટપૂર્વક માહિતી મેળવી હતી અને ડાયનસોર પાર્કની મુલાકાત પણ લીધી હતી.

સે-૮ની આદર્શ નિવાસી કન્યા શાળામાં વિજ્ઞાન મેળો યોજાયો

વિજ્ઞાન મેળામાં શાળાની ૧૩૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો : કહ્યાગરો વરસાદ, તાળી પાડતું પક્ષી અને જાદૂઈ મીણબત્તી જેવી અસંખ્ય કૃતિઓએ ભારે આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સે-૮માં આવેલ આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા) દ્વારા આજે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન મેળામાં શાળાની ૧૩૨ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વ્યક્તિગત કૃતિઓ રજૂ કરી હતી. આ વિજ્ઞાન મેળામાં ગણિત વિજ્ઞાનના પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

આ વિજ્ઞાન મેળાના ઉદઘાટન કાર્યક્રમમાં સે-૭ના આંબેડકર છાત્રાલયના હાઉસ માસ્ટર આરયુ પરમાર મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા તેમણે વિદ્યાર્થીનીઓને વિજ્ઞાન વિષયની અગત્યતા સમજાવી શાળા જીવનથી જ વિજ્ઞાનમાં રસ દાખવવા શીખ આપી હતી. આ કાર્યક્રમમાં શાળાની ધો-૯ની વિદ્યાર્થીની ગીતા સોલંકીએ 'વિજ્ઞાન પ્રદર્શન શા માટે?' વિષય પર મંતવ્યો રજૂ કર્યા હતા જયારે વિજ્ઞાન શિક્ષક સુરેશભાઈ પટેલે રોજબરોજના જીવનમાં વિજ્ઞાનનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થીનીઓ પાયલ સિંધવ અને મીનાક્ષી મકવાણાએ કર્યું હતું.

આ વિજ્ઞાન મેળાની અનેક સ્કૂલોના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. આ વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ હાઈડ્રોલિક ટ્રોલી, કહ્યાગરો વરસાદ, જાદુઈ મીણબત્તી, ગાણિતિક કોયડા, ફૂંક માર્યા વગર ફુગ્ગો ફુલાવો, સોલર સીટી, તાળી પાડતું પક્ષી, ગુમ થયેલો સિક્કો, પદાર્થનું જવલન બિંદુ, ન્યુટનની ગતિનો ત્રીજો નિયમ, વિદ્યુત ચુંબક જેવા પ્રયોગોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત આ મેળામાં વિજ્ઞાન કવીઝ અંતર્ગત ચિઠ્ઠી ઉપાડો અને જવાબ આપી ઈનામ મેળવો જેવી સ્પર્ધાએ મુલાકાતે આવેલા બાળકોમાં કુતુહલ જગાવ્યું હતું.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ મી દોડ, માટલા દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, ત્રિપગી દોડ, ચાંદલા સ્પર્ધા, આંધળાનો ગોળીબાર, ચોકલેટ શોધ સ્પર્ધા યોજાયેલ હતી. સંગીત ખુરશીની રમત પણ યોજવામાં આવી હતી. મહેંદી સ્પર્ધા, દુલ્હન સ્પર્ધા, રંગોળી હરિફાઈ, ગ્રીટીંગ્સ કાર્ડ બનાવવા વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. 'સ્વચ્છતા અભિયાન' અંગે ચિત્ર સ્પર્ધા યોજેલ હતી. જેમાં ચુડાસમા સાવિત્રી પ્રથમ નંબરે વિજેતા બની હતી. શેખ મહંદ અહદ એચ. દ્વિતીય નંબરે વિજેતા બન્યો હતો.

કૃષિવલાનો આર્તનાદ: શું કપાસના ભાવો ખેડૂતોને ચીંથરેહાલ કરશે?

સમયસર
ડૉ. સંજય કચોટ

ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધી વિચારોનો અભ્યાસ કરીને, ભવિષ્યમાં વિજ્ઞાન વિષયોના આદર્શ શિક્ષક બનવાનાં સ્વપ્નોને સેવનારા એક આશાસ્પદ કિસાનપુત્રને કપાસના ભાવો સળગાવી જશે, તેવું શું કદી નિયતિએ પણ વિચાર્યું હશે? સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના ધરાઈ ગામના ૨૧ વર્ષના અરવિંદ ભૂપતભાઈ નાગાણી નામના ઋજુહૃદયી યુવાને કપાસ પકવતા બાપની લાચારી જોઈને આત્મદાહ કર્યો, ત્યારે સમગ્ર રાજ્યમાં અરેરાટી વ્યાપી ગઈ. ગત બુધવારે અરવિંદે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. જો કે અરવિંદે મેજિસ્ટ્રેટ સમક્ષ આપેલું મરણોન્મુખ નિવેદન, જસદણ તાલુકાના વિંછીયાના ખેડૂત બટુકભાઈ દલિતનો ગળાફાંસો અને સુરેન્દ્રનગરના વસ્તરડીના ખેડૂત મહોબતભાઈ ગોહિલની આત્મહત્યાએ ગુજરાતમાં કપાસ ઉગાડતા ખેડૂતોના આર્તનાદને રાજ્યભરમાં વધુ તેજ બનાવ્યો !

શું વિકાસશીલ-ગતિશીલ ગુજરાતમાં ખેડૂતોની અવગતિ થઈ રહી છે? પોષણક્ષમ અથવા ટેકાના ભાવો મેળવવા માટે ખેડૂતોએ આંદોલનનો માર્ગ અખત્યાર કરવાની નોબત કેમ આવી? શું રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે સંકલનનો અભાવ છે? કે પછી આંતરરાષ્ટ્રીય સ્તરે ખરેખર જ કપાસની માંગમાં ઘટાડો થયો છે? છેલ્લા કેટલાક સમયથી કપાસના ટેકાના ભાવોની માંગ સાથે પ્રબળ અને વ્યાપક બનેલાં ખેડૂતોનાં આંદોલનોએ સંખ્યાબંધ પ્રશ્નો જન્માવ્યા છે. આ તમામ સવાલોના તર્કસંગત જવાબો શોધવાનો અત્રે પ્રયાસ કરવામાં આવ્યો છે.

● ખેડૂતોની માંગ શું છે?

રાજ્યના ખેડૂતોના કપાસના ટેકાના ભાવની માંગણીઓને સમજીએ તે પહેલાં એ જાણીએ કે સમગ્ર વિશ્વમાં વિસ્તારની દૃષ્ટિએ કપાસ પકવતા દેશોમાં ભારત પ્રથમ ક્રમાંકે છે. આ વિસ્તાર લગભગ ૨૦-૨૧% નો થવા જાય છે. વળી, ઉત્પાદનની દૃષ્ટિએ ચીન બાદ ભારત બીજા ક્રમે છે. જો દેશમાં આંકડાકીય દૃષ્ટિએ જોઈએ તો, ગુજરાતમાં ચાલુ વર્ષે (૨૦૧૪-'૧૫) આશરે ૩૦.૦૬ લાખ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર થયું છે. ભારત સરકરના કૉટન કૉર્પોરેશન ઓફ ઇન્ડિયા (સીસીઆઈ) ના એક અંદાજ મુજબ, આ વાવેતરમાંથી ૭૦૭ કિલોગ્રામ હેક્ટરની ઊપજના હિસાબે લગભગ ૧૨૫ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન થવાની શક્યતા છે. યાદ રહે કે, સમગ્ર દેશમાં આગામી વર્ષે ઉત્પાદિત થનારી અંદાજિત ૪૦૦ લાખ ગાંસડીઓમાંથી ૧૨૫ લાખ ગાંસડીઓ તો એકલું ગુજરાત જ પકવે છે. એટલે કે કપાસના ઉત્પાદનમાં અને વાવેતરમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે છે.

આ મબલખ ઉત્પાદન છતાં શું ગુજરાતના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળે છે? કદાચ નહિ. આ આંદોલનકારી ખેડૂતો માંગી રહ્યા છે-મિનિમમ સપોર્ટ પ્રાઈસ એટલે કે, લઘુતમ ટેકાના ભાવ. કપાસનો ઉત્પાદન ખર્ચ વધ્યો હોઈ; ખેડૂતો મણદીઠ (૧ મણ = ૨૦ કિલો) ટેકાનો ભાવ રૂા. ૧૨૫૦થી રૂા. ૧૫૦૦ ની માગ કરી રહ્યા છે. હાલ મણદીઠ ટેકાનો સરકારી ભાવ રૂા. ૮૫૦ છે. ખેડૂતોની કપાસના બિયારણ, મનરેગા અંતર્ગત પરિવારના સભ્યો તેમ જ બહારના મજૂરોની મજૂરીને ધ્યાને લેતાં થતો ખર્ચ, ખાતર, સિંચાઈ, બળતણ વગેરેની ઈનપુટ કોસ્ટને ધ્યાને લઈને ઉત્પાદન ખર્ચ રૂા. ૯૦૦ મણ આવતો હોવાનું જણાવીને, આ ભાવ વધારવાની માંગ કરી રહ્યા છે. જો કે સરકાર અને કેટલાક નિષ્ણાતો કપાસનો ઉત્પાદન ખર્ચ ખરેખર જ રૂા. ૭૫૦ હોવાનું માની રહ્યા છે.

ખેડૂતોની આ માંગને શાસક પક્ષ ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કિસાન પાંખ'ભારતીય કિસાન સંઘ' દ્વારા જ ટેકો મળ્યો છે. ભારતીય કિસાન સંઘના સહકારથી બળવત્તર બનેલા આ આંદોલનના કારણે રાજ્ય સરકાર ભારે કફોડી હાલતમાં મૂકાઈ છે!

● લઘુતમ ટેકાના ભાવ (મિનિમમ સપોર્ટ પ્રાઇસ) કઇ રીતે, કોણ નક્કી કરે?

સામાન્ય રીતે કોઈપણ કૃષિપેદાશોની કિંમતો તેના વાવેતર અને ઉત્પાદનના અંદાજના આધારે નિયત થાય છે. આપણા દેશમાં ''કમિશન ફૉર ઍગ્રિકલ્ચરલ કૉસ્ટસ એન્ડ પ્રાઇસિસ (સીએસીપી), વિવિધ રાજ્ય સરકારો, કેન્દ્રના કૃષિ-સંલગ્ન વિભાગો, કૃષિપેદાશવેચાણ સંઘો અને ખેડૂત પ્રતિનિધિઓની ભલામણોના આધારે મિનિમમ સપોર્ટ પ્રાઇસ (લઘુતમ ટેકાના ભાવો) નક્કી કરાય છે.

જો કે આ ભાવો નિયત કરતાં પૂર્વે ઍગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર્સ અને કૃષિ યુનિવર્સિટીઓ જે-તે કૃષિ પેદાશનાં વાવેતર, ઉત્પાદનનો સમગ્ર ખર્ચ, કુલ ઉત્પાદન, બજારની પરિસ્થિતિ, ઊપજની માંગ-પુરવઠાના તમામ આંકડાઓને એકત્રિત કરે છે; અને તેનું ઊચિત મૂલ્યાંકન કર્યા બાદ આ ભાવો નિર્ધારિત કરાય છે.

● છેલ્લા નવ વર્ષમાં કપાસના ટેકાના ભાવો બમણા થયા !

ગરીબો, વંચિતો, શોષિતો તથા ખેડૂતોની હમદર્દ બનવાની દુહાઈ આપીને સત્તારૂઢ થયેલી કેન્દ્ર અને રાજ્યની સરકારોને હવે ખેડૂતોની પીડા કેમ નહીં સમજાતી હોય? ગત સરકારના શાસનકાળમાં, એટલે કે વર્ષ ૨૦૦૬-'૦૭ માં મીડિયમ સ્ટૅપલ કૉટનની (મધ્યમ તારનો કપાસ, જેની લંબાઈ સામાન્યતઃ ૨૪.૫-૨૫.૫ મિમિ. અને પહોળાઈ ૪.૩-૫.૧ માઈક્રોન હોય છે) કિંમત રૂા. ૧૭૭૦ ક્વિન્ટલથી વધીને ૨૦૧૪-'૧૫માં રૂા. ૩૯૫૦ થઈ. આ જ પ્રમાણે; લૉંગ સ્ટૅપલ કૉટનની (લંબાઈઃ ૨૯.૫-૩૦.૫ મિમિ. પહોળાઈ : ૩.૫-૪.૩૧ માઈક્રોન) કિંમત રૂા. ૧૯૯૦ પ્રતિ ક્વિન્ટલથીથી વધીને આશરે રૂા. ૪૦૫૦ પર પહોંચી હતી. એટલે કે, પાછલાં નવ વર્ષમાં કપાસના ટેકાના ભાવોમાં લગભગ બે ગણો વધારો થયો.

યાદ રહે, ગત વર્ષે એક મણ કપાસનો ભાવ આશરે રૂા. ૧૦૦૦-૧૨૦૦ નો હતો. આ વર્ષે આ ટેકાનો ભાવ રૂા. ૭૫૦-૮૦૦ નો થઈ ગયો છે. ટેકાના ભાવો ઘટવાની સાથે, ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાના કારણે ખેડૂતોની હાલત વધારે મુશ્કેલ બની છે.

● ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા અન્યાય.....!

ચાલુ વર્ષની શરૂઆતમાં લોકસભા ચૂંટણીના પ્રચાર અભિયાન દરમિયાન 'ગુજરાતના ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા થતા અન્યાય' શીર્ષક હેઠળ ટેલિવિઝનમાં સતત જાહેરખબરો આપીને કપાસના ટેકાના ભાવો રૂા. ૧૫૦૦ પ્રતિ મણ કરવાની જબરદસ્ત માંગ કરાઈ હતી. પરંતુ હાલની વાસ્તવિકતા અકળાવનારી છે. છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહેલા ખેડૂતોના આંદોલન છતાંય રાજ્ય કે દ્વકેન્દ્રની સરકાર ખેડૂતોના પ્રશ્નોના વ્યાજબી નિરાકણ માટે આગળ આવી નથી. ઊલટું, કપાસના ટેકાના ભાવો ઘટીને રૂા. ૮૫૦ પ્રતિ મણ પર સ્થિર રહ્યા છે!

આટલું ઓછું હોય તેમ એક માહિતી અનુસાર, કૉટન કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા (સીસીઆઈ) પાસે સંગ્રહણ ક્ષમતા (સ્ટોરેજ ફૅસિલિટી)નો અભાવ હોવાથી, ગુજરાતમાંથી જે ૮૦% કપાસ વેચાયો છે, તે પૈકીનો માત્ર ૧.૫% કપાસ જ સીસીઆઈએ ખરીદ્યો છે.

આ દૃષ્ટિએ તો, ટેકાના લઘુતમ ભાવો કરતાંય ઓછા ભાવે કેટલાક ખાનગી વેપારીઓ કે પેઢીઓને કપાસ વેચવાની ખેડૂતોને ફરજ પડી હશે!

● આયાત-નિકાસ અને આંતરરાષ્ટ્રીય ચિત્ર

ભારતીય કપાસની નિકાસ મહ્દઅંશે ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં થાય છે. છેલ્લાં પાંચ વર્ષમાં કપાસના ભાવોમાં વૈશ્વિક સ્તરે ઘટાડો નોંધાયો છે. જેનું એક મુખ્ય કારણ છે-ચીને તેની આયાત મર્યાદિત કરી છે અથવા ઘટાડી છે. ચીન સમગ્ર વિશ્વમાં કપાસના ઉત્પાદનમાં મોખરે છે. વળી, કપાસની આયાત કરવામાં પણ ચીન અગ્રેસર છે. ૨૦૧૨માં ચીને વિક્રમજનક ૨૪૫.૩ લાખ કપાસની ગાંસડીઓની આયાત કરેલી. ત્યાર પછીનાં ત્રણ વર્ષોમાં ચીનમાં કપાસનું ઉત્પાદન ઘણું વધ્યું છે. જેથી તેમણે આયાતને પાછલાં બે વર્ષમાં તેણે ૮૦ લાખ ગાંસડીઓ પૂરતી મર્યાદિત રાખી. ચાલુ વર્ષે તો લગભગ નહિવત્ આયાતનો નિર્ણય જ ચીને કર્યો છે.

ચીનની આ પરિસ્થિતિની સાથે 'ઇન્ટરનેશનલ કૉટન ઍડવાઈઝરી કમિટી' (આઈસીએસી) દ્વારા પુરવઠાના વૈશ્વિક આંકડાઓની પરિસ્થિતિને તપાસતાં માલુમ પડે છે કે ૧૯.૭૭ મૅટ્રિક ટન કપાસનો જથ્થો સરપ્લસ (વધારાનો) થાય છે. વર્ષ ૨૦૧૩-'૧૪ માં કપાસનો પ્રારંભિક સ્ટોક ૧૭.૦૯ મૅટ્રિક ટન હતો. આ વર્ષે જે ૨૬.૨૩ મૅટ્રિક ટનનું ઉત્પાદન થયું તેની સામે જરૂરિયાત/ખપત ૨૩.૪૫ મૅટ્રિક ટનની હતી. વળી, જો નિકાસના આંકડા જોઈએ તો આ વર્ષે નિકાસ લગભગ ૮.૮૬ મૅટ્રિક ટનની હતી. આ દૃષ્ટિએ બાકી રહેલો જથ્થો ૧૯.૭૭ મૅટ્રિક ટનનો રહ્યો. જો આ આંકડાઓ ૨૦૧૪-૧૫ ના વર્ષના હિસાબે અંદાજીએ તો, વધારાનો કપાસનો સ્ટોક ૨૧૬ લાખ મૅટ્રિક ટન રહેવા પામે તેમ છે.

નોર્થ કેરોલાઈનાના ફ્યૂકે-વરિનાસ્થિત ફ્લૅનેગન ટ્રેડીંગ કંપનીના પ્રૅસિડન્ટ જ્હોન ફ્લૅનેગનનું માનવું છે કે, ''આપણી પાસે વિશ્વની જરૂરિયાત કરતાં વધુ કપાસ છે. જે પ્રકારે આપણે કપાસ વેચવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, તેટલી તો ખરેખર કપાસની જરૂરિયાત જ નથી. એટલે કે, આગામી દિવસોમાં કપાસના ભાવો હજુ ઘટશે અને આ પરિસ્થિતિમાં આપણે કપાસ પકવતા ખેડૂતોને અન્ય વૈકલ્પિક માર્ગે વાળવા પડશે.''

હવે જ્યારે ખરેખર માંગ નથી ત્યારે ભારતમાંથી કપાસની નિકાસ વધે ક્યાંથી ? આપણા દેશમાંથી ચાલુ વર્ષે, ગત વર્ષની સરખામણીએ કપાસની નિકાસ ૪૦% જેટલી ઘટવાનો નિષ્ણાતો અંદાજ લગાવી રહ્યા છે. આ દૃષ્ટિએ કપાસ પકવતા ખેડૂતોને ફટકો પડવાનો છે, તે હકીકત છે.

● સબસિડી અને ટેકાના ભાવનો વધારી શકાય

વૈશ્વિક સ્તરે કપાસની માંગ-પુવઠામાં અનુક્રમે ઘટાડો-વધારો થયો હોવા છતાં, છેલ્લાં ત્રણ વર્ષમાં મનમોહન સિંહ સરકારે મીડિયમ સ્ટૅપલ કૉટનના ટેકાના ભાવો ૪૮% જેટલા વધાર્યા હતા. જ્યારે લૉંગ સ્ટૅપલ કૉટનના ભાવોમાં ૩૫% નો વધારો કર્યો હતો. વૈશ્વિક સ્થિતિ વિષમ છે. આમ છતાં, આ પાકથી દેશના લગભગ ૭૫% ટૅક્ષ્ટાઈલ ઉદ્યોગને કાચો માલ પ્રાપ્ત થઈ રહ્યો છે. કૉટન અને ટૅક્ષ્ટાઈલ ઉદ્યોગથી થનારી નિકાસના કારણે દેશને લગભગ રૂા. ૭૦,૦૦૦ કરોડથી વધુ વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, દેશનાં આશરે છ કરોડથી વધુ લોકો પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રીતે કપાસના ઉત્પાદન, પ્રોસેસ, ટૅક્ષ્ટાઈલ અને સંબંધિત વ્યવસાય સાથે જોડાયેલા છે.

''ઈન્ટરનેશનલ કૉટન ઍડવાઈઝરી કમિટી'' ના તાજેતરના એક અહેવાલ અનુસાર, છેલ્લાં નવ વર્ષ દરમિયાન અમેરિકન સરકારે તેના કપાસ પકવતા ખેડૂતોને ૨૪ અબજ ડૉલરની સબસીડી આપી છે. આ રકમ આજના ડૉલરની સામે રૂપિયાના ભાવે આશરે રૂા. ૧,૪૮,૦૦૦ કરોડની થવા જાય છે. આટલી સબસીડી તો ભારત સરકાર અને રાજ્યની સરકારો સાથે મળીને દેશના બધા ખેડૂતોને બધા પાક માટે પણ એક વર્ષમાં નથી આપતી! અમેરિકન સરકાર દ્વારા અપાતી સબસીડીના કારણે વૈશ્વિક કપાસના બજારમાં વિકૃતિ ઊભી થાય છે. કારણ કે અમેરિકાનો કપાસ સસ્તો હોય છે, જેનાથી ભાવો ગગડે છે. એટલે અમેરિકન કપાસ વેચાય છે અને ભારત સહિતના અન્ય દેશોનાં કપાસના ખેડૂતો યા તો રડે છે, અથવા આત્મહત્યા કરવા પ્રેરાય છે. 'વિશ્વ વ્યાપાર સંગઠને(ડબલ્યૂટીઓએ)' જ્યારે અમેરિકી સરકારની સબસીડીની આ નીતિ-રીતીને ગેરકાનૂની અથવા અનુચિત ઠેરવી છે, ત્યારે આપણે વૈશ્વિક સ્તરે અમેરિકાના આ વલણનો વિરોધ કરવો કે પછી આપણા ખેડૂતોની સબસીડી કે ટેકાના ભાવોને વધારીને ખેડૂતોની જિંદગી, ખેતી અને કૃષિ આધારિત અર્થવ્યવસ્થાને બચાવવાના પ્રયાસો કરવા તે અંગે ગંભીર વિચારણા હાથ ધરવાનો સમય પાકી ગયો છે.

આ અગાઉ કેન્દ્ર સરકારોએ